# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

**જા.ક્ર. ૨૨૪/૨૦૨૩૨૪, જા.ક્ર. ૨૩૦/૨૦૨૩૨૪ અને જા.ક્ર. ૨૩૨/૨૦૨૩૨૪ ના ઉમેદવારોએ**

**સ્પર્ધાત્મક પરીક્ષાના કોલ લેટર ડાઉનલોડ કરવા બાબતની અગત્યની જાહેરાત**

૨. મંડળ દ્વારા તા.૧૦/૧૧/૨૦૨૩ અને તા.૧૬/૦૩/૨૦૨૪ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ તાંત્રિક સંવર્ગોની સીધી ભરતીની નીચે દર્શાવ્યા મુજબની જાહેરાતો અંતર્ગત ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવેલ. ઉક્ત અરજીઓની પ્રાથમિક ચકાસણી (એક કરતાં વધુ અરજી કરેલ છે કે કેમ? અને જનરલ કેટેગરીના ઉમેદવારોએ પરીક્ષા ફી ભરેલ છે કે કેમ?)ને અંતે લાયક ઠરેલ ઉમેદવારોની જાહેરાતમાં દર્શાવ્યા મુજબ **MCQ-CBRT** પદ્ધતિથી પરીક્ષા યોજવા બાબતે મંડળ દ્વારા તા.૦૭/૦૪/૨૦૨૫ ની અગત્યની સૂચનાથી તારીખ અને સમય નક્કી કરવામાં આવેલ છે. જેની વિગતે ઉમેદવારો નીચે દર્શાવેલ સમયગાળામાં તેઓના કોલ લેટર ડાઉનલોડ કરી શકશે.

| અ.ન. | જાહેરાત ક્રમાંક/ સંવર્ગનું નામ | પરીક્ષાની તારીખ/સમય | કોલ-લેટર ડાઉનલોડ કરવા માટેની તારીખ-સમયની વિગતો |
|---|---|---|---|
| ૧ | ૨૩૨/૨૦૨૩૨૪-ડેસ્કટોપ પબ્લીશીંગ ઓપરેટર | ૨૬/૦૪/૨૦૨૫<br>રીપોર્ટીંગ સમય:-૧૨:૩૦ કલાક<br>પરીક્ષાનો સમય:-૧૪:૦૦ થી ૧૭:૦૦ કલાક | તા.૧૭/૦૪/૨૦૨૫, સાંજના ૧૭:૦૦ કલાક થી તા.૨૬/૦૪/૨૦૨૫ ના બપોરના ૧૩:૪૫ કલાક સુધી |
| ૨ | ૨૨૪/૨૦૨૩૨૪-જુનીયર પ્રોસેસ આસીસ્ટન્ટ | ૨૮/૦૪/૨૦૨૫<br>રીપોર્ટીંગ સમય:-૧૨:૩૦ કલાક<br>પરીક્ષાનો સમય:-૧૪:૦૦ થી ૧૭:૦૦ કલાક | તા.૧૭/૦૪/૨૦૨૫, સાંજના ૧૭:૦૦ કલાક થી તા.૨૮/૦૪/૨૦૨૫ ના બપોરના ૧૩:૪૫ કલાક સુધી |
| ૩ | ૨૩૦/૨૦૨૩૨૪-કોપી હોલ્ડર | ૩૦/૦૪/૨૦૨૫<br>રીપોર્ટીંગ સમય:-૧૨:૩૦ કલાક<br>પરીક્ષાનો સમય:-૧૪:૦૦ થી ૧૭:૦૦ કલાક | તા.૧૭/૦૪/૨૦૨૫, સાંજના ૧૭:૦૦ કલાક થી તા.૩૦/૦૪/૨૦૨૫ ના બપોરના ૧૩:૪૫ કલાક સુધી |

૩. **મંડળ દ્વારા આ પરીક્ષામાં ઉમેદવારોનું બાયોમેટ્રીક વેરીફીકેશન કરવામાં આવનાર હોય પ્રસ્તુત પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માંગતા ઉમેદવારોએ ઉક્ત દિવસે કોલ લેટરમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્ર ખાતે ફરજિયાતપણે ઉક્ત કોષ્ટકમાં દર્શાવ્યા મુજબના રીપોર્ટીંગ સમયે હાજર થવાનું રહેશે. જો કોઈ ઉમેદવાર રીપોર્ટીંગ સમય બાદ પરીક્ષા કેન્દ્ર ખાતે ઉપસ્થિત થશે તો તેઓને કોઈપણ સંજોગોમાં પ્રવેશ આપવામાં આવશે નહીં. જેની સર્વે ઉમેદવારોએ નોંધ લેવી.**

૪. મંડળ દ્વારા યોજાનાર **MCQ-CBRT** પદ્ધતિની પરીક્ષામાં દરેક પ્રશ્નના સાચા જવાબ શોધવા માટે પ્રશ્નની નીચે ચાર વિકલ્પ આપવામાં આવશે. જે પૈકી ઉમેદવારે ખરા જવાબ ને પસંદ કરવાનો રહેશે. પ્રશ્નનો ખોટો જવાબ પસંદ કરવાથી **1/4** માર્કસ (નેગેટીવ માર્કસ) કાપવામાં આવશે.

૫.	સંબંધિત ઉમેદવારોએ સદર પરીક્ષાના પ્રવેશપત્ર–કોલ લેટર ડાઉનલોડ કરીને તેની ફિઝીકલ પ્રિન્ટ આઉટ કાઢીને પ્રવેશપત્રમાં દર્શાવેલ પરીક્ષાના દિવસે અને સમયે પરીક્ષા કેન્દ્ર ખાતે અચૂક હાજર રહેવાનું રહેશે.

ઉમેદવારે પરીક્ષા ખંડમાં પ્રવેશપત્ર પર પોતાની સહી કરવાની રહેશે અને ખંડ નિરિક્ષકની સહી થયા બાદ પ્રવેશપત્ર ઉમેદવારે પોતાની પાસે જ રાખી લેવાનો રહેશે. ભરતીના વિવિધ તબક્કે પ્રવેશપત્ર અસલમાં રજુ કરવાનો હોય સંપૂર્ણ ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી ઉમેદવારે પ્રવેશપત્ર સાચવીને રાખવાનો રહેશે.

૬.	**ઉક્ત સંવર્ગોના તમામ ઉમેદવારો તા.૧૭/૦૪/૨૦૨૫ ના રોજ ૧૭:૦૦ કલાકથી જે તે સંવર્ગની પરીક્ષા શરૂ થવાના ૧૫ મિનિટ પહેલાં સુધી પોતાના પ્રવેશપત્ર–કોલ લેટર ડાઉનલોડ કરી શકશે.**

૭.	ઉક્ત સંવર્ગોના તમામ ઉમેદવારોએ પ્રવેશપત્ર–કોલ લેટર ડાઉનલોડ કરવા માટે નીચે મુજબના Steps અનુસરવાના રહેશે.

**Step 1:** નીચેની લિન્ક પર ક્લિક કરો.

https://cdn3.digialm.com//EForms/configuredHtml/32791/93865/login.html




**Step 2 :** કન્ફર્મેશન નંબર, જન્મ તારીખ , અને ઈમેજ ટેક્સ્ટ ટાઈપ કરી 

બટન પર ક્લિક કરશો એટલે નીચે મુજબની સ્ક્રીન ખુલશે.




**Step 3:** ઉમેદવાર **Admit Card** પર ક્લીક કરીને પોતાનો પ્રવેશપત્ર – કોલ લેટર ડાઉનલોડ શકશે.




**Step 4:** પ્રવેશપત્ર – કોલ લેટર ડાઉનલોડ કરીને તેની પ્રિન્ટઆઉટ કાઢી લેવાની રહેશે અને કોલલેટરમાં નિર્દિષ્ટ તારીખ અને સમયે પરીક્ષા કેન્દ્ર પર કોલલેટર અચૂકપણે સાથે લાવવાનો રહેશે તથા કોલ લેટરમાં દર્શાવેલ ઉમેદવાર માટેની સૂચનાઓ અવશ્ય વાંચીને તેનો ફરજિયાતપણે અમલ કરવાનો રહેશે.

૮. ઉમેદવારોએ ડાઉનલોડ કરેલ કોલ–લેટર તથા સુચનાઓની વિગતો પરીક્ષા સમયે હાજરીપત્રકની વિગતો ભરવા તેમજ પરીક્ષાની આગળની કાર્યવાહી માટે ખૂબ જ ઉપયોગી હોઈ તે અચૂક વાંચી જવી. કોલ લેટર ડાઉનલોડ કરવા સંદર્ભે કોઈ માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો તે માટે કચેરી સમય દરમ્યાન મંડળની હેલ્પલાઈન નંબર : ૦૭૯–૨૩૨૫૮૯૧૬ પર સંપર્ક કરી શકાશે.

૯. વધુમાં, મંડળ દ્વારા ઉક્ત સંવર્ગોની CBRT પરીક્ષા લેવાનાર હોય આ પરીક્ષા પદ્ધતિ વિશે ઉમેદવાર માહિતગાર થાય તે હેતુસર મોક ટેસ્ટની લીંક https://g26.digialm.com/OnlineAssessment/index.html?32791@@M213 મંડળની વેબસાઈટ પર મુકવામાં આવેલ છે. જેના પર Click કરીને Sign in કરીને ઉમેદવાર એક કરતાં વધારે વખત મોક ટેસ્ટની પ્રેક્ટીસ કરી શકશે.

**સ્થળ : ગાંધીનગર** **સચિવ**

**તારીખ : ૧૭/૦૪/૨૦૨૫** **ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**